Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

આત્મ સંવત ૯૨ | મહા | પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ | ફેબ્રુઆરી | અંક : ૪
વિક્રમ સંવત ૨૦૪૩ | ૧૯૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સોયને દોરો | શ્રીમદ્ રાજચંદ્ર | ૪૯ |
| (૨) | આત્મજ્ઞાન | " | ૪૯ |
| (૩) | મનને નવરૂં ન મેલવું | " | ૪૯ |
| (૪) | સાધના સૌથી મહાન | શ્રી કુમારપાળ દેસાય | ૫૦ |
| (૫) | નવધા ભક્તિનું સ્વરૂપ | પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા. | ૫૧ |
| (૬) | ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. | શ્રી રાયચંદ મગનલાલ શાહ | ૫૩ |
| (૭) | નિર્જરા | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૫૫ |
| (૮) | જીવદયાની એક વિરલ ઘટના | શ્રી રમણલાલ ચી. શાહ | ૫૭ |
| (૯) | સમાલોચના | — | ૬૧ |
| (૧૦) | સમાચાર | — | ૬૪ |



## આ સભાના નવા આજીવન સભ્યો

**(૧) શ્રી મહેન્દ્રકુમાર ચીમનલાલ (ગુલાબચંદ સંઘવી)–ભાવનગર**

**(૨) શ્રી શાન્તીલાલ જીવરાજભાઈ સોમાણી–ભાવનગર**

**(૩) શ્રીમતી પુષ્પાબેન શાન્તીલાલ સોમાણી–ભાવનગર**

## શ્રી સિદ્ધક્ષેત્ર–યાત્રા

સંવત ૨૦૪૩ના મહા સુદ દશમ તા. ૮-૨-૮૭ને રવિવારના રોજ આ સભાના સભ્યો શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં નવ્વાણું પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. બહુજ સારી સંખ્યામાં સભ્યોએ લાભ લીધો હતો. સવારના આવેલ સભ્યોને ચા-નાસ્તો આપવામાં આવ્યા હતા. બપોરના ગુરૂભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામી ભક્તિ કરવામાં આવી હતી. આવો અનુપમ લાભ આપનાર સુખી ગૃહસ્થોનો ખૂબજ આભાર.

— મંત્રીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

# પરિપત્ર

**સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,**

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૩ના ફાગણ શુદ બીજ તા. ૧-૩-૮૭ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઈ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :—

(૧) તા. ૩૦-૩-૮૬ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) સંવત ૨૦૪૨ની સાલના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાનાં ટેબલ ઉપર મૂકેલ છે.

(૩) સંવત ૨૦૪૩ની સાલના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,

તા. ૧૬-૨-૮૭ **હીંમતલાલ અનોપચંદ મોતીવાળા**

**ભાવનગર.** **પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**

માનદ્ મંત્રીઓ

---

તા. ક. :—આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪] ● વિ. સં. ૨૦૪૩ મહા : ફેબ્રુઆરી-૧૯૮૭ ● [અંક : ૪

## સોય ને દોરો

જ્ઞાન એ દોરો પરોવેલ સોય જેવું છે, એમ "ઉત્તરાધ્યયન" સૂત્રમાં કહેલું છે. દોરો પરોવેલ સોય ખોવાતી નથી. તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલું પડાતું નથી.

—શ્રીમદ્ રાજચંદ્ર

## આતમજ્ઞાન

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની પ્રાપ્તિ તણા નિદાન:
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

—શ્રીમદ્ રાજચંદ્ર

## મનને નવરું ન મેલવું

એક વખત મુનિ મોહનલાલજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો. "મન સ્થિર થતું નથી તો શો ઉપાય કરવો ?

શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું કે, "એક પળ પણ નકામો કાળ કાઢવો નહિ. કોઈ સારું પુસ્તક વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું, એ કાંઇ ન હોય તો છેવટ માળા ગણવી. પણ જો **મનને નવરું મેલશો** તો ક્ષણવારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્‌વિચાર રૂપ ખોરાક આપવો. જેમ ઢોરને કાંઇને કાંઇ ખાવાનું જોઈએ, દાણાનો ટોપલો આગળ મૂકયો હોય તો તે ખાયા કરે છે. તેમ મન ઢોર જેવું છે. બીજા વિકલ્પ બંધ કરવા માટે સદ્‌વિચાર રૂપ ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેથી ઉલટું વર્તવું. તેને વશ થઈ તણાઈ જવું નહિ. તેને ગમે તેથી આપણે બીજે ચાલવું.

—શ્રીમદ્ રાજચંદ્ર

લે. પૂ. આત્માનંદજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • સાધના સૌથી મહાન

• લે. શ્રી કુમારપાળ દેસાઇ

કાળને કાંઠે બોંતેર વર્ષનું આયુષ્ય એટલે શું? પણ જેના જીવનમાં પળનો પણ પ્રમાદ નથી. એનું એક વર્ષ પણ હજાર વર્ષ જેટલુ મહત્ત્વનું છે. ભગવાન મહાવીરના નિર્વાણ સમયની માહિતી મળતા પાવાપુરીમાં ઘરઘરમાં શોકની છાયા ફરી વળી. બાર-બાર વર્ષના મૌન પછી હમણાજ એ ઉદ્ધારક વાણી વરસી હતી. બસો-પાંચસો નહિ, સો-બસો નહિ, પોણોસોય નહીં, માત્ર બોંતેર વર્ષો થયા ને ભગવાન મુક્તિ આડે રહેલું દેહનું બંધન છોડવાની વાતો કરે છે! ગમે તેટલી મધુર ચાંદની હોય, રાત તે તો રાત જ કહેવાયને?

ભક્તજનો ભગવાનની આસપાસ વીંટળાઇને બેઠા હતા. ઋષિમુનિઓ મધુર શંખ વગાડતા હતા. દેવોના સ્વામી ઇન્દ્ર મૃત્યુ ઉત્સવની મંગલ રચના કરતા હતા. પણ ભગવાનની અલૌકિક દેહછબી અને પવિત્ર વાણી પ્રત્યક્ષ નહી મળે. એનો શોક તો દેવ કે માનવ સહુના હૃદયમાં ખળભળી રહ્યો હતો ઈન્દ્રરાજનેય થયું કે ભગવાન પોતાની નિર્વાણ ઘડી થોડો સમય પાછી ઠેલે, તો પછી વળી આગળ ઉપર જોઇ લેવાશે. અણી ચૂકયો સો વરસ જીવે. વીતેલી ઘડી ફરી પાછી આવતાય વિલંબ લાગે.

દેવરાજ ઈન્દ્રે ભગવાનને પ્રશ્ન કર્યો. "પ્રભુ, આપના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં થયાં હતાં. જ્યારે અત્યારે તો નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાન્ત થાય છે.

ભગવાન મહાવીરે હકારમાં માથું હલાવ્યું.

ઈન્દ્રરાજે વાત આગળ ચલાવી. "પ્રભુ! આ નક્ષત્ર અશુભ ભાવિનો સંકેત કરનારૂં છે, માટે આપ આપની નિર્વાણ ઘડી થોડી વાર લંબાવી દો તો? સમર્થ, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન આપને માટે તો આ સાવ આસાન છે."

મહાવીર ઈન્દ્રના મોહને પારખી ગયા. એમણે કહ્યું, "ઈન્દ્રરાજ! મારા દેહ પ્રત્યેનો તમારો મોહ તમને આવું બોલાવી રહ્યો છે. જન્મનું કારણ, દેહનું કાર્ય અને જીવનનો હેતુ પૂરાં થયાં છે. હવે આયુષ્યની એક ક્ષણ તો શું, ક્ષણની એક ક્ષણ પણ બોજારૂપ બને છે."

કેટલાક અંદર અંદર મનમાં ગાંઠ વાળીને બેઠા હતા કે ભગવાન ગમે તે કહે, પણ હમણા નિર્વાણ નહીં સ્વીકારે, મહાવીરના પરમ શિષ્ય મહર્ષિ ગૌતમ ધર્મબોધ આપવા બીજે સ્થળે ગયા હતા. પોતાના પરમ શિષ્યની ગેરહાજરીમાં તે ભગવાન કંઇ વિદાય લેતા હશે? પરંતુ પ્રભુતો સૂક્ષ્મ કાયયોગ રૂંધીને નિર્વાણ પામ્યા.

ભગવાનના નિર્વાણના સમાચાર મળતાંજ જ્ઞાની ગૌતમ અનરાધાર રડી રહ્યા, ભલભલા કઠણ હૃદયના પીગળી જાય એવો એમનો વિલાપ હતો. અજ્ઞાનીને સમજાવવો આસાન પણ આ તો મહાજ્ઞાનીનો શોક! ઇન્દ્રરાજ પણ તેમને શાન્ત કેમ પાડવા તે અંગે મુંઝાઇ ગયા.

એવામાં જ્ઞાની ગૌતમના મુખપર રુદનને બદલે હાસ્ય પ્રગટયું. વિષાદને સ્થાને આનંદ છવાઈ ગયો. ઇન્દ્રથી આ પરિવર્તન પરખાયું નહિ જ્ઞાની ગૌતમ બોલ્યા.

"ઓહ! ભગવાને મને જીવનથી જે જ્ઞાન આપ્યું એથી વિશેષ એમના નિર્વાણથી આપ્યું. મને ઘણીવાર કહેતા કે નિરાલંબ બન. આલંબન માત્ર છોડી દે. આંતર દુનિયા તરફ જા. ત્યાં ન કોઈ ગુરુ છે ન કોઇ શિષ્ય. પણ એ વેળા ભગવાનના દેહ પર મારૂં મમત્વ હતું. આત્મિક પૂજાને બદલે દેહ પૂજા આદિ હતી. આથીજ નિર્વાણ વેળાએ મને અળગો રાખીને ભગવાને સમજાવ્યું. કે ગૌતમ, સ્નેહ કરતાં સાધના ઘણી ચડીયાતી છે,"

'મોતીની ખેતી'માંથી સાભાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • નવધા ભક્તિનું સ્વરૂપ

• ચિંતક પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા.

પરમ તારક શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ એ મુક્તિરૂપી મહેલમાં લઈ જનારી અદ્ભુત નિસરણી છે. તે નિસરણીને મનોહર નવ મુખ્ય પગથિયાં છે. ક્રમશ: તે પગથિયે આગળ વધતો ભક્તાત્મા મુક્તિરૂપી મહેલમાં દાખલ થઇને અખંડ અવ્યાબાધ સુખનો સ્વામી બની શકે છે.

ભક્ત તેને કહેવાય જેને ભક્તિ સિવાય ચેન પડે નહિ.

તે ભક્તિ મુખ્યત્વે નવ પ્રકારની છે તેને નવધા ભક્તિ પણ કહે છે.

તે નવ પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) શ્રવણ (૨) કીર્તન (૩) ચિંતન (૪) વંદન (૫) સેવા પૂજા (૬) ધ્યાન (૭) લઘુતા (૮) સમતા અને (૯) એકતા.

સંસારની જેલમાંથી મુક્ત થઇને મુક્તિરૂપી મહેલમાં જવાને ઉત્સુક જિન ભક્તને વાતે વાતે શ્રી જિનરાજનું નામ સાંભળવું ગમે. શ્રી જિનરાજનું નામ જેમાં ન આવતું હોય, તેવી વાતો તેને રેતી ફાકવા જેવી નીરસ લાગે તેને તેમાં જરા પણ રસ ન પડે. અને જે વાતમાં શ્રી જિનરાજનુ નામ આવે, તે સાંભળતાં તેના કાન સરવા થઇ જાય, તે આખો ટટ્ટાર થઈ જાય. તેની સમગ્રતા તેમાં જોડાઇ જાય. એટલે તેને એવી કથા વાર્તાઓ અને લખાણ ખરેખર ગમે. જેમાં શ્રી જિનરાજનું નામ વારંવાર આવતું હોય

આ છે શ્રવણ નામની ભક્તિનું સંક્ષિપ્ત સ્વરૂપ : શ્રવણ ભક્તિમાંથી કીર્તન ભક્તિ પ્રગટે.

કીર્તન-ભક્તિ એટલે શ્રી વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માના ગુણોનું કીર્તન કરવું. તેમના અચિંત્ય ઉપકારક સ્વરૂપના સ્તવનો ગાવાં, અને તે પણ એવા અપૂર્વ ભાવથી કે જાતે તેમાં ભીંજાઈ જાય અને સાંભળનારને પણ ભીંજવી દે. જ્યાં-જ્યાં જ્યારે જ્યારે સારૂં કંઇ પણ દેખાય, ત્યાં ત્યાં, ત્યારે ત્યારે તેને શ્રી અરિહંત દેખાય. તેમની અસીમ કરૂણાનાં દર્શન થાય.

આવો જિનભક્ત એકાંત હોય ત્યારે બીજું કાંઇ ન વિચારતાં શ્રી અરિહંત પરમાત્માનું ચિંતન કરે, તેમના ત્રિભુવનોપકારક ગુણોનું ચિંતન કરે.

આવા ચિંતનથી ચિંતારૂપી આગ શમે છે. અને ચિત્ત નિર્મળ બને છે. પાપ-વાસનાઓનો ક્ષય થાય છે અને ચિત્ત અરિહંત ભાવમાં એકાકાર થાય છે.

ચિત્ત જેવા પદાર્થના સંસર્ગમાં આવે છે તેવો આકાર તે ધારણ કરે છે, એ નિયમ મુજબ શ્રી અરિહંતના ગુણોનું ચિંતન કરવાથી ચિત્ત અરિહંતાકારે પરિણમે છે. અને ભવવર્ધક દુષ્ટ વાસનાઓથી મુક્ત થાય છે. સતનું ચિંતન એ એવો ખોરાક છે કે જે ભાવદેહની પુષ્ટિ કરે છે અને આત્માને સ્વભાવસ્થ બનાવે છે.

ચિંતન પછી વંદન નામનો ભક્તિ ગુણ આવે છે

વંદન કોને ?

તો કે ત્રણ જગતના નાથ શ્રી અરિહંત પરમાત્માની મુર્ત્તિને.

અપૂર્વ ઉલ્લાસ અને આડંબર પૂર્વક દહેરા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરમાં જઇને દેવાધિદેવની પ્રતિમાને વિધિપૂર્વક બે હાથ જોડી નમન કરવા તેને વંદન કહે છે.

દેવાધિદેવના દર્શનનો અવસર એ જીવનનો ધન્ય અવસર છે. એટલે "આડંબર શું દહેરે જઈએ" એમ કહેવામાં આવ્યું છે. હૃદયગત ભક્તિને વ્યક્ત કરવાનો તે પણ એક પ્રકાર છે.

વંદન પછી સેવા પૂજા !

જે સેવે છે જિનચરણને તેને ધન્ય છે. જે પૂજે છે જિન પ્રતિમાને તેને પણ ધન્ય છે.

સ્વાર્થની સેવા-પૂજા તો આ જીવ અનાદિ કાળથી કરતો આવ્યો છે. અપાર પુણ્યોદયે શ્રી જિનશાસન મળ્યા પછી કરવા જેવું કામ શ્રી જિનની સેવા-પૂજાનું છે. જે કરતાં ઇન્દ્ર પણ અર્ધો અર્ધો થઇ જાય છે. એટલે તો પાંચ રૂપ ધારણ કરીને શ્રી જિનની ભક્તિનો સઘળો લહાવો તે પોતે લે છે.

સાચો જિનભક્ત નીતિની કમાઈમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દ્રવ્યોથી શ્રી જિન પ્રતિમાની પૂજા કરે છે. કેસર, સુખડ, પુષ્પ વગેરેથી પૂજા કરતી વખતે તેના હૈયામાં હર્ષનો મહેરામણ ઉમટે છે, શ્રી જિન પ્રતિમાના, નવ અંગે પૂજા કરતાં કરતાં તે જિનમાં ખોવાઇ જાય છે. તેનો બધો થાક ઉતરી જાય છે. તેના મનમાં શ્રી જિનરાજ પ્રતિષ્ઠિત થઈ જાય છે.

અષ્ટ પ્રકારી જિનપૂજા એ અષ્ટ કર્મોનો નાશ કરનારી સિદ્ધ ઔષધિ છે.

સેવા-પૂજા વડે કૂણા તથા પવિત્ર બનેલા જિનભક્તના પ્રાણોમાં ધ્યાનની લાયકાત આવે છે

એટલે વિધિ-બહુમાન પૂર્વક ખમાસણાં દઇ તે ચૈત્યવંદન શરૂ કરે. જંકિંચિમાંથી નમુત્થુણં-માં દાખલ થાય એટલે જાણે શ્રી અરિહંતના ઘરમાં દાખલ થયો એવું તેને સંવેદન થાય અને તે પછી અન્નત્થ વગેરેના પાઠ પૂર્વક લોગસ્સના કાઉસગ્ગમાં અથવા શ્રી નવકાર મંત્રથી પ્રભુનું શુદ્ધ ધ્યાન કરે તેમાં એકાગ્રતા, સ્થિરતા, અસ્ખલિત ઉપયોગ રાખે તે ધ્યાન.

સાચા જિનભક્તમાં જીવંત લઘુતા ગુણ આવે. જેમ તેનું ધ્યાન શ્રી જિનરાજના ગુણોમાં રહે, તેમ પોતાના દોષો તરફ પણ રહે. પોતાનો પ્રત્યેક દોષ તેને ખટકે. માટે પરમ ગુણ પ્રકર્ષવાન પરમાત્મા તેને અતિશય પ્યારા લાગે.

સ્વ દોષની નિંદા-ગર્હા કરતો જિન ભક્ત ક્રમશઃ સમતા સાગર આત્મારૂપે પોતાને જોવા-જાણવાની તત્વદૃષ્ટિ પામે. એટલે પરમાત્મા તેને માટે પરની વસ્તુ ન રહે પણ નિજ આત્મામાં જ વંચાય-દેખાય-અનુભવાય.

અને આ સમતાભાવ જેમ જેમ ઘટ્ટ થતો જાય, તેમ તેમ ભક્ત-ભગવાન સ્વરૂપ બની જાય તેને સાચી એકતા કહે છે.

વિભક્તિને ટાળવાનો ભક્તિ-પદાર્થનો મૂળ ધર્મ અહીં પૂર્ણ પણે સાકાર બને છે. એટલે ભક્તિ, ભક્તને ભગવાન બનાવે છે. ક્રમશઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહા મહોપાધ્યાય

# શ્રી યશોવિજયજી મ. સા.

સં. શ્રી રાયચંદ મગનલાલ શાહ

( પૂ. ઉપાધ્યાયશ્રીનું ત્રિશતાબ્દી વર્ષ છે ત્યારે આ લેખ વાંચકોને ઘણી માહિતી પૂરી પાડશે.)

લોકપ્રિય પત્ર મધ્યાંતરમાં તા. ૬-૧-૮૭ મંગળવારે શ્રી નગીનદાસ વાવડીકરે પૂજ્ય મહારાજશ્રીનું ત્રિશતાબ્દિ વર્ષ ઉજવવા અને એમની સ્મૃતિને તાજી કરવા સુંદર વિવેચન કર્યું તે વાંચીને એમને તથા આવી સેવા કરવા બદલ મધ્યાંતર પત્રના તંત્રીને પણ ધન્યવાદ !!

ઉ.શ્રી યશોવિજયજી એક મહા વિદ્વાન હતા, એમનું સાહિત્ય એટલા વિપુલ પ્રમાણમાં છે કે એના એક એક પુસ્તક તો શું પણ એક એક કાવ્ય ઉપર પી એચ.ડી.ની ડીગ્રી મેળવી શકાય એવા વિશિષ્ટ પ્રકારના તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. તેઓ જૈન સાધુ હોવાથી જૈનધર્મની મહત્તા વિશેષ દેખાય તેમ છતાં જો ઊંડાણથી તપાસવામાં આવે તો વિશ્વના સર્વ જીવોના હિત અને કલ્યાણની વિશાળ દૃષ્ટિથી સત્ય અને ન્યાય સંગત, બુદ્ધિમાનોની બુદ્ધિમાં સરળતાથી ઉતરી જાય એવુ પુરાવા સાથે વાચક વર્ગ પ્રત્યેના પૂરા વ્હાલ અને પ્રેમથી હે ! વત્સ !! જેવા સંબોધન પૂર્વક લખાએલું છે. પરમ સંશોધક વિદ્વાન મુનિરાજ પ.પૂ. પુણ્યવિજયજી લખે છે કે પૂજ્યશ્રીના જીવનને સ્પર્શતી અને એમના સાહિત્યની વિવિધ ખુબીઓ અનેક વિદ્વાનોએ વિવિધ દૃષ્ટિએ આલેખેલી છે. પૂજ્ય મહોપાધ્યાયશ્રીનું જીવન સાગર જેવું ગંભીર અને પ્રેરણાદાયી જીવન સાધનાના મહા તરંગોથી ઉભરાતું અને છલકાતું હતું.

પૂજ્ય મહોપાધ્યાયશ્રીનો જન્મ કયા વર્ષમાં થયો હતો ? એનો ઉલ્લેખ આપણને બરાબર મળતો નથી. પણ શ્રી કીર્તિવિજયજી કૃત "સુજસવેલી ભાસ"માં તેમનો જન્મ કનોડા ગામમાં થયો હતો. માતાનું નામ સોભાગદે અને પિતાનું નામ નારાયણ શેઠ હતું. તેમનું પોતાનું નામ જસવંત હતું. અને મોટા ભાઇનું નામ પદમસિંહ હતું. પંડિત શ્રી નયવિજયજી મહારાજના ઉપદેશથી બન્નેય ભાઈઓએ એકી સાથે પાટણમાં દીક્ષા લીધી પછી તેઓશ્રીએ એમના ગુરૂ, પિતામહ ગુરૂ અને પ્રપિતામહ ગુરૂ પાસે અભ્યાસ કર્યો હતો. પ્રાચીન હસ્ત લિખિત પ્રતોની પુષ્પિકાઓમાં "તાર્કિક-શાબ્દિક -સૈદ્ધાન્તિક-શિરોમણિસમાન સુવિહિત પરંપરા પ્રધાન મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયજી ગણિ" આદિ વિશેષણો એમના ગુરૂના જોવા મળે છે. એટલે સંભવતઃ અમુક અભ્યાસ તેમણે પોતાના ગુરૂ પ્રગુરૂ આદિના સાન્નિધ્યમાંજ કર્યો હશે અને એ રીતે ઉપાધ્યાયજી સંસ્કૃત પ્રાકૃત વ્યાકરણ સાહિત્ય તર્કશાસ્ત્ર સૈદ્ધાંતિક આદિ વિષયમાં ઠીક ઠીક આગળ વધ્યા હશે અને પારંગત થયા હશે. પરંતુ દાર્શનિક અને નવ્ય ન્યાયનું વિશિષ્ટ જ્ઞાન તો તેમણે બનારસમાં ભટ્ટાચાર્યના સાન્નિધ્યમાં જ મેળવ્યું હતું એ નિર્વિવાદ હકીકત છે. પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ. સા. જણાવે છે કે પૂ. ઉપાધ્યાયજીનું પાંડિત્ય માત્ર ગ્રંથોના અધ્યયન કે વાચન



For Private And Personal Use Only

સુધીજ મર્યાદિત ન હતું. તેમનું પાંડિત્ય ઘણું ઊંડું અને વ્યાપક હતું, એ આપણે તેમણે રચેલા ગ્રંથરાશી ઉપરથી સમજી કલ્પી શકીએ છીએ. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી આદિ અનેક ભાષાઓ, છંદ-અલંકાર–કાવ્ય આદિ સાહિત્ય ગ્રંથો, જૈન આગમો, કર્મવાદ અને જૈન તત્વજ્ઞાનના પ્રાણ-રૂપ અનેકાન્તવાદ ઉપર તેઓશ્રીનું વિશ્વતોમુખી આધિપત્ય હતું. પ્રાચીન અને અર્વાચીન બન્નેય ન્યાય-પ્રણાલિકાઓને તેમણે એક સરખી રીતે પચાવી હતી. પોતાના જીવનમાં તેઓ સર્વ દેશીય વિશાળ ગ્રંથરાશીનું અવગાહન અને પાન કરી ગયા હતા. તેઓશ્રી સમર્થ તત્વચિંતક અને પ્રૌઢ ગ્રંથકાર હતા. જૈન સંપ્રદાયમાં રહેલી ખામીઓની તલસ્પર્શી સમીક્ષા કરનાર પણ હતા. એજ કારણસર તેમના યુગમાં તેઓ કોઇ કોઈ સાધુ યતિ કે ગૃહસ્થને કડવા લાગતા હશે. અને તેથી તેમની તથા તેમના ગ્રંથરાશીની અક્ષમ્ય ઉપેક્ષા કે અવજ્ઞા થઇ હતી. તેમ છતાં તેમના પાંડિત્યને છાજે તેવી નિર્ભયતા અને ધીરતા તેમનામાં સદય એકધારી રીતે ટકી રહ્યાં હતાં.

આપણને જાણીને આશ્ચર્ય અને દુઃખ થાય એવી બાબત છે કે તેઓશ્રીના અનેકાનેક ગ્રંથો લગભગ બીજી નકલ થયા વગરજ રહી ગયા છે. જૈન શ્રીસંઘના સોભાગ્યની એ ખરેખર ખામી છે.

પૂ ઉપાધ્યાયશ્રીએ પોતાના જીવનમાં વિશાળ ગ્રંથરાશીનું નિર્માણ કર્યું હતું. અનેક વિષયોને સ્પર્શતો તેમનો એ ગ્રંથરાશી છે. તેઓશ્રી પ્રાચીન-અર્વાચીન બન્નેય ન્યાય પ્રણાલીઓમાં પારંગત હોવા છતાં તેમણે પોતાના ગ્રંથોમાં નવ્ય ન્યાયની સરણિનેજ અપનાવી છે. ગમે તેવો નાનો કે મોટો, દાર્શનિક કે આગમિક, કર્મવાદ વિષયક કે અનેકાન્તવાદ વિષયક, સ્તુતિ કે સ્તોત્ર આદિ ગમે તે વિષયનો ગ્રંથ હોય, તેમાં ઉપાધ્યાયજીનુ નૈયાયિકપણું ઝળકયા સિવાય કયારેય રહ્યું નથી. એકના એક વિષયને તેઓ ગમે તેટલી વાર ચર્ચે તોપણ તેમાં નવીનતાજ જોવામાં આવે. એ ઉપાધ્યાયજીના ચિંતન અને પ્રતિપાદનની મહત્તા અને વિશેષતા છે.

પૂ. ઉપાધ્યાયજીએ એમનાં જીવનમાં કેટલા ગ્રંથો રચ્યા હતા ? તેની નિશ્ચિત સંખ્યા કયાંય નોંધાઈ નથી. તેમ છતાં તેમણે પોતે પોતાના ગ્રંથોમાં જાતે જ જે જે ગ્રંથોના નામોનો ઉલ્લેખ કર્યો છે તે દ્વારા જાણવા મળે છે કે આજે આપણે તેમના સંખ્યાબંધ ગ્રંથોના દર્શનથીજ નહિં, નામ શ્રવણથી પણ વંચિત છીએ, જેમ જેમ તેમના અલભ્ય ગ્રંથોની પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ તેમના નવા નવા અલભ્ય ગ્રંથોનાં નામો મળતાંજ જાય છે. સને ૧૯૫૭માં યશોભારતી પ્રકાશન સમિતિ વડોદરા તરફથી શ્રી નાગકુમાર મકાતી તથા પંડિતશ્રી લાલચંદભાઇએ પ્રકાશિત કરેલ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્મૃતિગ્રંથ પ્રગટ કર્યો તેના છેલ્લા થોડા વરસોમાં અણધારી રીતે તેમના અપ્રાપ્ય જે ગ્રંથો પ્રાપ્ત થયા તે દ્વારા અલભ્ય ગ્રંથોનાં નામો જાણવામાં પણ આવ્યા છે. એટલે આપણે નિરંતર અપ્રમત્ત રહી આપણા સ્થાન-સ્થાનના નાના-મોટા ગ્રંથ ભંડારોમાં તેઓશ્રીના અલભ્ય ગ્રંથોને કાળજી પૂર્વક શોધવા-તપાસવાજ રહે છે. જો ઝીણવટ પૂર્વક આપણા પ્રાચીન જ્ઞાન ભંડારોને તપાસશું. તો આશા છે કે હજુ પણ આપણે તેમના અજોડ ગ્રંથો મેળવી શકીશું.

છેલ્લાં વર્ષોમાં જ્ઞાન ભંડારના ખંત ભર્યા અવલોકનને પરિણામે પ્રતાપે નીચે મુજબના સત્તર ગ્રંથો મેળવી શકવાને ભાગ્યશાળી થયા છીએ.

૧. અસ્પૃશદ્ગતિવાદ અપૂર્ણની પૂર્ણતા ૨. આત્મખ્યાતિ. ૩. આર્ષભીય ચરિત મહાકાવ્ય અપૂર્ણ. ૪. કાવ્ય પ્રકાશ ટીકા ખંડિત. ૫. કૂપ દૃષ્ટાંત વિશદીકરણ અપૂર્ણની પૂર્ણતા. ૬.

(અનુસંધાન પેજ ૫૬ ઉપર)

# ● નિર્જરા

● રતિલાલ માણેકચંદ શાહ–નડીયાદ

સદ્ગુરુ ઉપદેશ આપતા શિષ્યને કહે છે કે, હે ભાઈ! આ સમગ્ર વિશ્વમાં પ્રત્યેક આત્મા સત્તાએ સ્વતંત્ર છે અને પ્રત્યેક આત્માના મૂળ ગુણો સરખા છે. આ જગતમાં એકજ આત્મા નથી પરંતુ વ્યવહારથી અનંત આત્મા છે. અને દરેક અલગ અલગ છે. તેઓ અનંત ગુણોથી પરિપૂર્ણ છે. આત્મા પોતેજ પરમાત્મા બની શકે છે. કદી પણ એક પદાર્થ બીજા પદાર્થમાં ભળી જાય નહિ ક્ષેત્રથી સાથે હોય પણ સત્તાથી અલગ છે ક્ષેત્રથી તો લોકમાં એકજ જગ્યાએ છ દ્રવ્યો ભેગા છે. સમગ્ર લોકમાં એવું કોઈ સ્થાન નથી જ્યાં છ એ દ્રવ્યો રહેલા ન હોય. પણ આ છ એ દ્રવ્યો સ્વતંત્ર છે. આકાશ પ્રદેશના ક્ષેત્ર પર જ્યાં આત્મા રહેલ છે, ત્યાં કર્મ રહેલા છે. પરંતુ આત્મા અને કર્મ એક થઈ ગયેલા નથી.

જીવ પુદ્ગલમાં ભળી જતો નથી. તેમજ પુદ્ગલ આત્મા રૂપ થઈ જતું નથી. સિદ્ધ દશામાં પણ પ્રત્યેક આત્માની સત્તા જુદી જુદી છે. આમ [illegible] સ્વતંત્ર દશાનો સ્વીકાર કર્યા સિવાય આત્માની સાચી ઓળખાણ થઈ શકે નહિ. જેને સંસારના તાપનો ઉકળાટ લાગ્યો હોય. આધિ વ્યાધિ અને ઉપાધિનો અને જન્મ મરણના ભયંકર દુઃખોથી જે દાઝયો હોય. જેને આત્મશાંતિની તીવ્ર ઝંખના હોય તે સંત પુરુષના શરણે જઈ સાચો બોધ સાંભળે છે. આત્માની ઓળખ માટે સદ્ગુરુના શરણે જાવ, તેમની પાસેથી સત્ય સમજીને અંતરમાં ઉતારો અને તેનો સ્વ અનુભવ કરો. તો અનાદિનો ઉકળાટ શમે અને આત્માનું અવિનાશી સુખ આવિષ્કાર પામે. જેને સત્નો નકાર છે તે આત્માને કેવી રીતે ઓળખી શકે?

જડથી અને રાગ દ્વેષથી અલગ આત્મ સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાનરૂપી ક્રિયાથી ધર્મ થાય છે. ચૈતન્યમૂર્તિ આત્મા અમૃત સુખથી છલોછલ છે. મારૂં સુખ-શાંતિ કોઈ પણ અન્ય પદાર્થમાં નથી, કોઈ વિષયોમાં નથી, હું પોતેજ સુખમય છું એવું સ્વ આત્માનું સમ્યગ્જ્ઞાન કરવું તે ધર્મ છે. પોતાના સ્વરૂપમાં ટકી જવું તેજ સાચું સુખ છે.

આપણે જૈન ધર્મી કુટુંબમાં જન્મ્યા માટે જૈન નથી. પરંતુ જૈન તેને કહેવાય "જે જીતે તે જૈન" જીતવાનું શું? રાગ દ્વેષ, મોહાદિને જીતે તે આત્મા જૈન છે. "એયં સે આયા એયં સે નાયા એયં સે વિનાયા" (નંદીસૂત્ર) એજ આત્મા છે, એજ જ્ઞાન છે, એજ વિજ્ઞાન છે.

વિશ્વમાં જેટલી પર વસ્તુ છે તેમાં રાગ છે; તે રાગ છૂટી જતાં સાચી શ્રદ્ધા થાય છે. તેવી સાચી શ્રદ્ધા થતાં જે કર્મ ઉદયમાં આવતાં પહેલાં ખરી જાય છે, તેને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે આત્માની ભાવના સહિત તેવો સકામનો અર્થ થાય છે, હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું. રાગ કરવો કે પર વસ્તુને પોતાની માનવી તે મારા સ્વભાવમાં નથી. એવા જ્ઞાનીને ચારે પ્રકારની (૧) સકામ, (૨) અકામ, (૩) સવિપાક (૪) અવિપાક નિર્જરા થાય છે, પોતાના સ્વરૂપના ભાનમાં ટકયા તે સકામ નિર્જરા છે. કર્મ પાકયા વિના ખર્યા તે અવિપાક નિર્જરા છે, ઉદયમાં આવીને ખરી ગયા તે સવિપાક છે, કષાયની મંદતા છે તે અકામ નિર્જરા છે, સકામ અને અવિપાક નિર્જરા જ્ઞાનીનેજ હોય છે. તે ઉપરાંત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અકામ અને સવિપાક પણ હોય છે, કર્મનો ઉદય આવીને નિર્જરી ગયો તે સવિપાક નિર્જરા, કષાયની મંદતા હોય તો અકામ નિર્જરા હોય છે. જ્ઞાની નિર્જરા કરતા કરતા વીતરાગ માર્ગે ચડી જાય તો મોક્ષ થઈ જાય અને બાકી રહી જાય તો દેવલોકમાં જાય.

સમ્યગ્દર્શન હોય તો સકામ નિર્જરા થાય, સમ્યગ્દર્શન વિના ધર્મ સંભવે નહિ અને સકામ નિર્જરા પણ થાય નહિ, અકામ નિર્જરા એટલે તીવ્ર-ક્રોધાદિ નિર્જરી ગયા અને મંદ કષાય થયા તેથી અકામ નિર્જરા થાય છે. સ્વરૂપની શુદ્ધિની વૃદ્ધિ થવી અને રાગનો અભાવ થવો તે ભાવ નિર્જરા છે. ભાવ નિર્જરાનો બીજો અર્થ સકામ નિર્જરા છે. ભાવ નિર્જરા વખતે કર્મનું ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે. હું જ્ઞાનાનંદ છું તેમ શુદ્ધિની વૃદ્ધિ થવી તે ભાવ નિર્જરા છે. સ્વરૂપના ભાવ પૂર્વક અકષાય પરિણામ થાય તે ભાવ નિર્જરા છે, હું શુદ્ધ ચિદાનંદ છું. એવી દૃષ્ટિ કરીને જગતમાં સાક્ષી બનીને રહેજો. જેટલે અંશે શુદ્ધિ છે. તેના નિમિત્તે કર્મ ખરે છે. કર્મ ખર્યા તે દ્રવ્ય નિર્જરા વર્તમાન વર્તતી પોતાની દશામાં શુદ્ધિ થવી તે સકામ નિર્જરા છે, તે આત્માનો ધર્મ છે. તે ધર્મને આરાધતા આરાધતા પૂર્ણ વીતરાગ પંથે જવાય છે. ભગવાન મહાવીર ગૌતમને કહે છે કે, હે ગૌતમ! સરાગ સંયમ અને તપનું ફળ દેવલોક છે. વીતરાગ સંયમ અને તપનું ફળ મોક્ષ છે.

(અનુસંધાન પેજ ૫૪નું ચાલુ)

પ્રમેયમાલા અપૂર્ણ. ૭. વાદમાલા. ૮. વાદમાલા અપૂર્ણ. ૯. વિજયપ્રભસૂરિ ક્ષામણક વિજ્ઞપ્તિ પત્ર ૧૦ વિષમતાવાદ. ૧૧. વૈરાગ્ય રતિ કિંચિદ પૂર્ણ. ૧૨. સ્યાદ્વાદ રહસ્ય. (લઘુ). ૧૩. સ્યાદ્વાદ રહસ્ય (મધ્યમ) અપૂર્ણ. ૧૪. સ્યાદ્વાદ રહસ્ય (બૃહદ્) અપૂર્ણ. ૧૫. સિદ્ધાંત મંજરી શબ્દખંડ ટીકા અપૂર્ણ. ૧૬. યોગબિન્દુ અવચૂરિ. ૧૭. યોગદૃષ્ટિ સમુચ્ચય અવચૂરિ અપૂર્ણ. આ સત્તર ગ્રંથો પૈકી નવગ્રંથો અધૂરાજ મળ્યા છે. બે ગ્રંથો કે જે પહેલાં અપૂર્ણ મળ્યા હતા તે પૂર્ણ થયા છે અને બાકીના છ ગ્રંથો નવા સંપૂર્ણ મળ્યા છે.

(ક્રમશઃ)

## જીવન એવું જીવીએ કે :

આપણે જીવન એવું જીવીએ કે આપણને જોતાં સમાજનું હૈયું હરખાઇ જાય.

આપણે જીવન એવું જીવીએ કે આપણે જ્યાંથી પસાર થતાં હોઈએ ત્યાં આપણી સેવા-સુવાસનો મઘમઘાટ છવાઈ જાય.

જીવતાં જીવતાં આપણા જીવનને તપાસતાં જઈએ કે, આપણા દ્વારા કોઇક દુઃખીનાં દુઃખ હળવાં થયાં ખરાં? કોઇક હતાશના હૈયામાં હિંમત આવી ખરી? કોઈ ડરપોકના જીવનમાં નિર્ભયતા પ્રસરી ખરી? કોઇ અણઘડના જીવનમાં વ્યવસ્થા જન્મી ખરી? કોઇક અનૈતિકના જીવનમાં નીતિમય જીવનની સ્વચ્છતા આવી ખરી?

આપણું જો આવું જીવન હોય તો આપણું જીવ્યું સાર્થક ગણાય.

જો આવું જીવન ન હોય તો આપણે જ સાવધ થઇને રૂડા જીવન માટેનો પુરુષાર્થ કરવો જોઈએ.

કહો આપણે કેવું જીવન જીવીએ છીએ.

— પૂ. સ્વામી સચ્ચિદાનંદજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • જીવદયાની એક વિરલ ઘટના

• રમણલાલ ચી. શાહ

દુનિયામાં શાકાહારી પ્રજા ઘણી જ ઓછી છે. તેમાંનો મોટો ભાગ ભારતમાં છે. ભારતમાં શાકાહારીઓમાં જૈનો અને હિન્દુઓ મુખ્યત્વે છે. જેઓ શાકાહારી છે તેઓના દિલમાં દયાનો ભાવ, માનવ ઉપરાંત પશુ-પક્ષીઓ પ્રત્યે પણ રહેલો છે. જૈનોમાં તો સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ અહિંસાની ભાવના રહેલી છે.

ગાય, બળદ, બકરાં, ઘેટાં, કૂતરાં વગેરેના અકાળ મૃત્યુનો પ્રશ્ન જ્યારે ઉદ્‌ભવે છે ત્યારે તે જીવોને બચાવવા જૈનો અને હિન્દુઓ દોડી જાય છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર. કચ્છ વગેરે પ્રદેશમાં હાલ દુકાળ જેવી સ્થિતિને કારણે ગાય, બળદ વગેરે હજારો ઢોરોને મરતાં બચાવી લેવાનો પ્રશ્ન ઘણો ગંભીર બની ગયો છે. અન્ય પ્રદેશોમાંથી ઘાસ વગેરે લાવી, જીવોને બચાવવાનું કાર્ય ગયે વર્ષે ઘણી સારી રીતે થયું હતું. આ વર્ષે એથી પણ મોટું કાર્ય કરવાની જરૂર ઊભી થઈ છે. સદ્‌ભાગ્યે કાર્યકર્તાઓની બહુ ખોટ નથી. જરૂર છે મોટા પાયા પર અર્થ-સિંચનની. પ્રત્યેક પ્રદેશમાં લાખો રૂપિયાની જરૂર પડશે. જીવદયાની ભાવનાવાળી પ્રત્યેક વ્યક્તિનું યથાશક્તિ દાન આપવું એ પરમ કર્તવ્ય બની રહે છે,

આજે દોઢસો વર્ષ પૂર્ણ એટલે કે ઈ. સ. ૧૮૩૨માં મુંબઈમાં બનેલી જીવદયા વિશેની એક ઘટના વર્તમાન સંદર્ભમાં બહુ જ પ્રેરક બને એવી છે.

દોઢસો વર્ષ પહેલાં ભારતમાં રેલગાડી નહોતી કે મોટરગાડી કે સાયકલ પણ નહોતી. જમીન માર્ગે લોકોનો વ્યવહાર પગે ચાલીને અથવા ગાડાં દ્વારા અને જળ માર્ગે નાની નૌકા કે મોટાં સઢવાળાં વહાણોથી થતો.

ઓગણીસમી સદીની શરૂઆતથી મુંબઈ બંદર ઝડપથી વિકાસ પામતું ગયું. તે સમયે આજે જેને કોટ વિસ્તાર કહેવામાં આવે છે તેટલા વિસ્તારવાળા ટાપુ ઉપર અંગ્રેજોએ પોતાના સંરક્ષણ માટે કિલ્લો અને વિશાળ કોટ બાંધ્યો હતો. ત્યારે કોલાબાનો ટાપુ જુદો હતો અને તેના ઉપર ખાસ કંઈ વસવાટ નહોતો કોટનો વિસ્તાર પાલવાથી ધોબી તલાવ સુધીનો લગભગ હતો. આજનું આઝાદ મેદાન ત્યારે કોટ બહારનું સ્મશાન હતું. બોરાબજાર અને બજારગેટ સ્ટ્રીટ એ મુંબઈની જૂનામાં જૂની શેરીઓ હતી. ભૂલેશ્વર અને પાયધુની એ કોટ બહારની નવી વસાહતો ચાલુ થવા લાગી હતી જે. જે. હોસ્પિટલ અને ગિરગામ પાસે દરિયો હતો. બાકીનું અત્યારનું મુંબઈ જંગલ અને વેરાન જેવું હતું. ત્યારે રેલવે નહોતી. બળદગાડી અને ઘોડાગાડીનો વાહન વ્યવહાર હતો. ગુજરાત, કોંકણમાંથી લોકો દરિયા માર્ગે મુંબઈના બંદરે આવતા.

એ વખતે મુંબઈની નામાંકિત અને અત્યંત શ્રીમંત વ્યક્તિઓમાં શેઠ મોતીચંદ અમીચંદ હતા. તેઓ શેઠ મોતી શાહના નામે પ્રખ્યાત હતા તેમનો વહાણવટાનો વેપાર હતો. એક બાજુ અરબસ્તાન તથા ઝાંઝીબાર સુધી અને બીજી બાજુ ચીન સુધી એમનાં વહાણો જતાં. એમનો વ્યવસાય ધમધોકાર ચાલતો.

અંગ્રેજોનું ત્યારે રાજ્ય ચાલતું હતું. મુંબઈની ત્યારે સાઇઠ હજારની વસતી હતી. એ વખતે શેરીઓમાં કૂતરાઓનો ત્રાસ બહુ વધી ગયો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો. એકાદ હડકાયા કૂતરાનો બનાવ બન્યો એટલે અંગ્રેજ અમલદારે હુકમ છોડયો કે મુંબઈના બધા જ કૂતરાઓને મારી નાખવામાં આવે. તરત જ કૂતરાઓને મારી નાખવાનું કામ ચાલુ થયું. રોજના અનેક કૂતરાઓની હત્યા થવા લાગી. કોઈ કોઈ ઠેકાણે કૂતરાંઓનાં શબના ઢગ ખડકાયા, આ દૃશ્ય કંપાવનારું હતું. શેઠ મોતી શાહનો જીવ કકળી ઊઠયો. એમણે બીજા અગ્રણીઓને વાત કરી. જૈન અને હિન્દુ પ્રજાની લાગણી દુભાઈ હતી એ તો ખરું, પણ પારસીઓનાં દિલ પણ આ હત્યા જોઇને દ્રવી ગયાં. અંગ્રેજ સરકાર સામે તે સમયે લોકોએ મોટું બંડ પોકાર્યું. આખા મુંબઈએ હડતાલ પાડી. ઠેર ઠેર ભયંકર તોફાનો થયાં. પ્રજાને અંકુશમાં રાખવા માટે પોલીસ પૂરતી ન પડી, એટલે સરકારે લશ્કરને બોલાવ્યું. બંદુકની અણીએ લશ્કરે શહેરને શાંત પાડી દીધું. કેટલાક માર્યા ગયા, કેટલાક ઘવાયા. સેંકડો લોકોની ધરપકડ થઈ. કોર્ટમાં કેસ દાખલ થયા. કેટલાય લોકોને વરસ બે વરસની કેદની સજા થઈ કેટલાક પુરાવાના અભાવે કોર્ટમાં નિર્દોષ ઠર્યા. પરંતુ કેસ ચાલ્યો ત્યાં સુધી જામીનના અભાવે ચાર છ મહિના જેલની હવા ખાધી. કેટલાક જામીન આપીને છૂટી ગયા અને પછી કોર્ટમાં નિર્દોષ ઠર્યા. અંગ્રેજોએ દેશી લોકોને સત્તાના બળે દબાવી દીધા. અંગ્રેજો સામે મુંબઈનો પહેલવહેલો આ બળવો કૂતર ની હત્યા નિમિત્તે થયો.

આ બાબતમાં કશુંક કરવું જોઇએ એવી ભાવના મુંબઈના અનેક દયાળુ લોકોને સ્ફુરી. એમાં શેઠ મોતી શાહે આગેવાની લીધી. કૂતરાંઓને ગામ બહાર પાંજરાપોળ બાંધીને રાખવામાં આવે અને તેના નિભાવની જવાબદારી મહાજન ઉઠાવે એવી દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરીને કૂતરાં ન મારવાનું વચન અંગ્રેજ સરકાર પાસેથી લીધું.

શેઠ મોતી શાહના આ કાર્યમાં જૈનો, ઉપરાંત હિન્દુઓ, પારસીઓ, વ્હોરાઓ વગેરે સૌ સાથે જોડાયા. પૈસા વગર આવું કાર્ય થઈ શકે નહિ. કોઈકે તો મોટો ભોગ આપવો પડે. થોડા વખત પહેલાં શેઠ મોતી શાહે કાવસજી પટેલના તળાવ (સી. પી. ટેન્ક)ની પાસે આવેલી કાવસજી શેઠની વિશાળ વાડીમાંની જગ્યામાંથી મોટી જગ્યા રૂ. ૬૦,૦૦૦/- માં પોતાને માટે ખરીદી લીધી હતી. કોટ બહાર પાંજરાપોળ કરવા માટે એ જગ્યા યોગ્ય લાગી, તેમણે પોતાની એ જગ્યામાંથી રૂ. ૧૮૦૦૦/-ની કિંમતની જગ્યા પાંજરાપોળ કરવા માટે ભેટ આપી ઉપરાંત પાંજરાપોળના બાંધકામ માટે એટલી જ મોટી રકમ આપી. જુદા જુદા શ્રેષ્ઠિઓ પાસે ઉઘરાણું કર્યું અને તેમાં પણ સારી રકમ મળી. પારસી ગૃહસ્થોએ પણ તેમાં ઘણો સારો ફાળો આપ્યો. એમાં સર જમશેદજી જીજીભાઈ અને શેઠ બમનજી હોરમસજી વાડિયાએ પણ ઘણી મોટી રકમ નોંધાવી. સૌથી વધુ ફાળો જૈનોનો હતો. તેત્રીસ જેટલા જૈન ગૃહસ્થોએ મળીને લગભગ દોઢ લાખ રૂપિયા એકઠા કર્યા.

પાંજરાપોળનો વિચાર કૂતરાંઓનો થયો. પણ એમાં ગાય, બળદ, ઘેટાં, બકરા, ઉંદર, કબુતર વગેરે જીવો માટે પણ વ્યવસ્થા થઈ, દિવસે પાંજરાપોળમાં ઘણાં ઢોર આવતા ગયાં, નિભાવખર્ચ ઘણું મોટું થઇ ગયું.

દોઢસો વર્ષ પહેલાં મુંબઈમાં કોટમાં શાંતિનાથ ભગવાનનું દેરાસર બંધાયું હતું. તેમાં પણ સૌથી મોટો ફાળો શેઠ મોતી શાહનો હતો. એ દેરાસરની બાજુમાં જ તેમણે પોતાને રહેવા માટે મકાન બાંધ્યું હતું, તે દિવસોમાં મુંબઈના શ્રાવકોને જૈન સાધુઓનો યોગ સાંપડતો નહિ કારણ કે વચ્ચે દરિયાની ખાડી આવતી હોવાથી વિહાર કરીને મુંબઇ સુધી પહોંચવાની સાધુઓને અનુકૂળતા નહોતી. વૈષ્ણવ મંદિરમાં મોટી હવેલીમાં ગોસાંઈજી મહારાજ રહેતા. શહેરના પવિત્ર પુરુષ તરીકે લોકોને તેમના પ્રત્યે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અત્યંત પૂજ્ય ભાવ હતો. લોકોને તેઓ હવેલીનાં મંદિરમાં ભગવાનનાં દર્શન કરાવતા અને ઉપદેશ આપતા. આવા ધર્મ પુરુષો પોતાને ત્યાં પધારે એ બહુ આનંદમય પ્રસંગ ગણાતો. જૈન અને વૈષ્ણવનો ત્યારે કોઈ મોટો ભેદ નહોતો. જૈનો પણ હિન્દુઓ સાથે એકરૂપ બનીને રહેતા. 'દાનવીર'ના બિરુદને શોભાવે એવા ઉદારદિલ શેઠ મોતીશાહ પ્રત્યે તમામ કોમને અત્યંત આદર હતો, કારણ કે એમણે બધી કોમ માટે મોટી સખાવતો કરી હતી.

એક દિવસ મોતીશાહ શેઠના ઘરે હવેલીના ગોસાંઇજી મહારાજની પધરામણી થઈ. મોતીશાહ શેઠ માટે અપરંપાર આનંદનો દિવસ હતો. ગોસાંઇજી મહારાજની આગતા-સ્વાગતા માટે મોટા પાયા ઉપર બધી તૈયારીઓ થઇ ગઈ. ગોસાંઇજી મહારાજ મોતીશાહ શેઠને ત્યાં પધાર્યા. પરસ્પર ધર્મની ઘણી બધી ચર્ચા થઇ અને મુંબઇના જીવનની પણ વાતો થઇ. મોતીશાહ શેઠે પધરામણીની ભેટ તરીકે ચંદીના મોટા થાળમાં અનેક કીંમતી રત્નો સાથે રૂપિયા પંદર હજાર ગોસાંઈજી મહારાજના ચરણે ધર્યા અને કહ્યું કે પોતાને જેમ યોગ્ય લાગે તેમ એ રકમ વાપરે. જે જમાનામાં સરેરાશ માસિક પગાર એક-બે રૂપિયા જેટલો હતો તે જમાનામાં રૂપિયા પંદર હજારના રકમની ભેટની કલ્પના કરવી જ અશક્ય, ગોસાંઇજી મહારાજ તો આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ જ રહ્યા. તેમણે કહ્યું, 'શેઠ આટલા બધા રૂપિયા ન હોય'

શેઠે કહ્યું, 'પ્રેમથી આપના ચરણોમાં ધર્યા છે, અને આપે એ સ્વીકારવાના જ છે.

ગોસાંઇજી મહારાજ મોતીશાહ શેઠના પ્રેમનો અસ્વીકાર કરી શકયા નહિ, તેમણે ગળગળા થઇને કહ્યું, 'શેઠ મારે લાયક કોઇ કામ હોય તો કહેજો."

'અમારે તો શું કામ હોય? આપને કંઇ મારું કામ હોય તો જરાપણ સંકોચ રાખશો નહિ."

ગોસાંઇજી મહારાજના મનમાં હતું કે શેઠ મોતીશાહ માટે કંઈક તો કરી છૂટવું જોઈએ. તેમણે ફરી આગ્રહપૂર્વક કહ્યું, શેઠ આપ તો ઘણા શ્રીમંત છો. બધું કરી શકો તેમ છો. તેમ છતાં સેવાનું એકાદ કામ મને ચીંધશો તો મારા જીવને આનંદ અને સંતોષ થશે.'

મોતીશાહ શેઠે કહ્યું, 'અનેક જીવોનું કલ્યાણ થાય એ જ મારી ભાવના છે. મુંબઈમાં અત્યારે મોટો પ્રશ્ન તો મૂગા જાનવરોનો છે. ગોરા લોકો તેને નિર્દયતાથી મારી નાખે છે. બિચારાં જાનવરોનું કોઈ નથી. મેં પાંજરાપોળનું કામ ઉપાડયુ છે. એ માટે પુષ્કળ પૈસા આપ્યા છે પરંતુ એ તો ઘણો મોટો નિભાવ ખર્ચ માગી લે તેવું ગંજાવર કામ છે. પેઢીઓ સુધી એ ચલાવવાનું છે. આપને ઠીક લાગે તો તે માટે કોઈ ગૃહસ્થને યથાશક્તિ પ્રેરણા કરશો તો આનંદ થશે.' એટલું કહેતામાં તો મોતીશાહ શેઠની આંખો ભીની થઇ ગઈ.

ગોસાંઈજી મહારાજે કહ્યું, 'શેઠજી, ગૌમાતા અને બીજા મૂગા જાનવરો પ્રત્યે આપણે દયા નહિ બતાવીએ તો કોણ બતાવશે? શેઠજી, તમારું કામ એ આપણા સૌનું કામ છે. આપે નિભાવ ફંડની વાત કરી તો એની જવાબદારી મારા માથે. આવતી કાલે એ થઇ જશે.'

'આવતી કાલે? એક દિવસમાં તો તે કેવી રીતે થાય? એમાં તો દર વર્ષે લાખો રૂપિયા જોઇએ.'

'શેઠજી, એ હું જાણું છું. પરંતુ તમે મારામાં વિશ્વાસ રાખો એ જવાબદારી હવે મારા માથે. આવતી કાલે એ થઈ જશે.

મોતીશાહ શેઠ ગોસાંઇજી મહારાજનો જવાબ સાંભળી વિચારમાં પડી ગયા. તેમને એમની વાતમાં વિશ્વાસ બેસતો નહોતો. ગોસાંઈજી મહારાજ એકલે હાથે તો કેટલું કામ કરી શકે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજે દિવસે સવારે વૈષ્ણવ લોકો મંદિરમાં મંગળાનાં દર્શન માટે એકઠા થયા. પરંતુ મંગળાનાં દર્શન હજુ ખુલ્યાં નહોતાં. રોજ કરતા મોડું થયું. લોકો અધીરા થયા. તપાસ કરતાં ખબર પડી કે ગોસાંઇજી મહારાજે પોતે જ તે પ્રમાણે સૂચના આપી છે, લોકો આકળા થયા. ધમાલ મચી ગઈ. આગેવાન વૈષ્ણવો મહારાજ પાસે પહોંચ્યા. ગોસાંઈજી મહારાજે સ્પષ્ટ કહ્યું કે 'જ્યાં સુધી પાંજરાપોળના નિભાવની ટીપ નહિ થાય ત્યાં સુધી દર્શન ખુલશે નહિ અને ત્યાં સુધી હું અન્નપાણી લઇશ નહિ.

આ સમાચાર વાયુવેગે આખા મુંબઈમાં પ્રસરી ગયા અને હિન્દુ તેમજ અન્ય સમાજમાં હાહાકાર મચી ગયો. હજારો લોકો મંદિરમાં એકઠા થઈ ગયા. કેટલાક વૈષ્ણવોને મંગળાના દર્શન પછી અન્નપાણી લેવાનો નિયમ હતો. તેઓ ભૂખ્યા થયા. પરંતુ ગોસાંઇજી મહારાજ પોતાના નિર્ણયમાં મક્કમ હતા. કંઈક માર્ગ કાઢવો જ જોઈએ. એમ બધાને લાગ્યું. બધા મહાજનોના આગેવાનો તરત એકત્ર થયા, વાટાઘાટો ચાલી. જીવદયાનું કામ મહત્ત્વનું છે એ સૌના હૈયે વસ્યું હતું. એટલે એમાં સહકાર આપવા સૌએ તત્પરતા બતાવી. મુંબઈ બંદર ઉપર તો મોટા પાયે માલની હેરફેર થતી. એના પર લાગો નાંખવામાં આવે તો પાંજરાપોળના નિભાવ માટે જીવદયાના કામ માટે આપોઆપ કાયમ મોટી રકમ મળ્યા કરે અને વખતોવખત ઉઘરાણા કરવાં ન પડે.

ગોસાંઈજી મહારાજ પ્રત્યે સૌ નગરજનોને બહુ આદર હતો. એમણે કોઈ સ્વાર્થનું નહિ, પણ પરમાર્થનું, મૂગા જનાવરો પ્રત્યે દયાનું કામ હાથમાં લીધું હતું. એમાં અંગત કોઈનો સ્વાર્થ ન હતો. એમાં ભારતીય ધર્મપર પરાની ઊંચી ભાવના હતી. સાડાચારસો જેટલા હિંદુ, પારસી અને વહોરા આગેવાન વેપારીઓએ અને મહાજનના અગ્રણીઓએ તાબડતોબ માંહોમાંહે વાટાઘાટો કરીને સ્વેચ્છાએ હોંસથી અને સર્વાનુમતે નીચે પ્રમાણે લાગો નક્કી કરી લીધો.

| | રૂ.આ.પા. |
|---|---|
| * રૂ ઉપર દર સુરતી ખાંડીએ | ૦-૪-૦ |
| * અફીણની દરેક પેટી પર | ૧-૦-૦ |
| * ખાંડ દેશાવરથી આવતા દરેક ખાંડના દાગીના પર | ૦-૧-૦ |
| * ખાંડ-મોરસ-દેશાવરથી આવતા દરેક દાગીના પર | ૦-૦-૬ |
| * હુંડી-મુંબઈથી લખાતી અથવા મુંબઇમાં સીકરાતી હુંડી પર દર સેંકડે | ૦-૦ ૩ |
| * મોતીની ખરીદી પર દર સેંકડે | ૦-૪-૦ |

લાગાની આ શરતો નક્કી થઈ ગઇ એટલે બધા મહાજનના અગ્રણીઓ ગોસાંઇજી મહારાજ પાસે પહોંચ્યા. એમના હાથમાં ખરડો આપ્યો, સહી સિક્કા થયા. ગોસાંઈજીના હર્ષનો પાર રહ્યો નહિ. એમ કરતાં લગભગ બપોર વેળા થઈ ગઇ. ગોસાંઇજી મહારાજે મહાજન સમક્ષ લાગાનો ખરડો વાંચી સંભળાવ્યો અને તે બધાંને સ્વેચ્છાએ હોંસથી કબૂલ મંજૂર છે એમ પાકું જાણી લીધું ત્યાર પછી ભગવાનના દર્શન ખૂલ્લાં મૂક્યાં. લોકોએ ગોસાંઈજી મહારાજને પારણું કરાવ્યું. જીવદયાનું એક ઉત્તમ કામ થયુ એથી લોકોનાં હર્ષનો પાર ન રહ્યો.

**મુંબઈની પાંજરાપોળ** માટે આ લાગાની રકમ સને ૧૮૩૫ના નવા કાર્તિકી વર્ષથી લેવાનું નક્કી કરવામાં આવ્યું. લાગાની આ રકમ પ્રમાણે પાંજરાપોળને દર વર્ષે લગભગ ત્રણ લાખ રૂપિયા જેટલી રકમ મળવા લાગી. લગભગ દોઢસો વર્ષ પહેલાં દર વર્ષે ત્રણ લાખ રૂપિયા જેટલી આ જંગી રકમ મળતા ગાય, બળદ, કૂતરા અને બીજાં મૂગા પ્રાણીઓના નિભાવ માટે પાંજરાપોળને કશી જ ચિંતા નહિ રહી હોય તેની ખાતરી કરાવે છે. શેઠ મોતીશાહ અને ગોસાંઈજી મહા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજના પ્રખર પુણ્યની એ પ્રતીતિ કરાવે છે.

સી. પી. ટેન્ક પાસેની પાંજરાપોળની વિશાળ જગ્યામાં અનેક ઢોર જાનવરોને રાખવામાં આવતાં હતાં એમ છતાં વધુ ઢોર જાનવરો-આવવા લાગ્યા હતાં. જગ્યા સાંકડી પડવા લાગી થોડાં વર્ષો પછી એ બધાંને સમાવવાનો પ્રશ્ન જ્યારે ઊભો થયો ત્યારે શેઠ મોતીશાહે એ પરિસ્થિતિ જોઇને તે સમયના મુંબઈની નજીક ચીમડ (ચાંબુડ-ચેમ્બુર) નામના આખા ગામની જમીન પોતાના ખર્ચે વેચાતી લઇ લીધી અને ત્યાં હજારો જાનવરોને રાખવામાં આવ્યાં. દોઢસો વર્ષ પહેલાં શેઠ મોતીશાહ, ગોસાંઇજી મહારાજ અને પારસી સદ્‌ગૃહસ્થોએ જીવદયાનું કેવું ભગીરથ કાર્ય કર્યું હતું તેનો ખ્યાલ મુંબઇનો જૂનો ઈતિહાસ વાંચતાં આવે છે. (જુઓ મોતીચંદ કાપડિયા કૃત 'શેઠ મોતીશાહ')

પારસીઓ માંસાહારી હતા તો પણ શેઠ મોતીશાહના સંપર્કમાં આવ્યા પછી જીવદયાના કામમાં હોંશથી લાગી ગયા હતા. એમાં શેઠ જમશેદજી જીજીભાઈ, શેઠ બમનજી હોરમસજી વાડિયા, શેઠ ખરદેસજી ફરદુનજી પારેખ વગેરે પારસી આગેવાનોએ મુંબઇની પાંજરાપોળના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. વર્ષો સુધી પાંજરાપોળનો વહીવટ અને હિસાબ શેઠ જમશેદજી જીજીભાઇની પેઢીમાં રહેતો.

મુંબઇની પાંજરાપોળ નામની આ સંસ્થા આજે પણ એજ સ્થળે વિદ્યમાન છે. શેઠ મોતીશાહના તપના તેજની આપણને એ હજુ પણ યાદ અપાવે છે.

મુંબઈના નાગરિક જીવનની ભવ્ય ગાથારૂપ આ ઐતિહાસિક ઘટના અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવી છે.

('પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર)

# • સમાલોચના

(૧) પ્્રશમરતિ (વિસ્તૃત ગુજરાતી વિવેચન સહિત) સંસ્કૃતમાં,

મૂળ લેખક વાચક શ્રી ઉમાસ્વાતિજી.

ગુજરાતીમાં વિવેચક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા.

પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાન્તિમાર્ગ, મુંબઇ ૪૦૦૦૩૬.

પૃષ્ઠ ૭૨૪ (ક્રાઉન આઠ પેજી),

મૂલ્ય ચાલીશ રૂપિયા.

વાચક શ્રી ઉમાસ્વાતિ વિરચિત આ પ્રશમરતિ ગ્રન્થનું સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ કરેલા વિસ્તૃત વિવેચન સહિત પ્રકાશન કરવા બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ખૂબ ખૂબ ધન્યવાદ.

આ ગ્રન્થનું સરળ ભાષાન્તર સહિત વિવેચન. સ્વ. મોતીચંદભાઇએ ૧૯૪૯-૫૦માં લખેલું. તે આજ સુધી અપ્રકાશિત હતું. શ્રી મોતીચંદભાઈ સાચા ધર્મારાધક હતા. અને તેઓ જે કંઈ ધાર્મિક પુસ્તક વાંચતા તેનું ચિંતન-મનન કરી જીવનમાં ઉતારતા અને તે પછી તેનો લાભ જનસમૂહને મળે તે માટે વિસ્તારથી વિવેચન સહિત લખતા. દરરોજ સામાયિક કરવી અને કંઈક ધાર્મિક ચિંતન-મનન અને લેખન કરવું એવી તેમની નિયમિત કાર્યપ્રણાલીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણે તેઓનો સમય વ્યવસાયમાં રોકાયેલો હોવા છતા સમાજને મોટું ધાર્મિક-સાહિત્ય અને ધાર્મિક વિચારોનું વિવેચન-ગ્રંથોનું પ્રદાન કરી શકયા છે. તેઓશ્રી ધર્મ સાહિત્યનું ઊંડું જ્ઞાન ધરાવતા હોવાથી સુંદર અને સરળ ભાષામાં પોતાના વિચારોનું નિરૂપણ કરેલ છે. પ્રસ્તુત પુસ્તક તેમની વિદ્વત્તા, ધાર્મિક જ્ઞાન, અને વિચાર-લેખન કુશળતાની ગવાહી પૂરે છે.

તેમણે સ્વહસ્તે કરેલી નોંધ ઉપરથી આ વિવેચન તેમણે ૧૯૫૦માં પૂરૂં કર્યું છે, અને ઈ. સ. ૧૯૫૧માં તેમનું નિધન થયું છે એટલે આ તેમની છેલ્લી કૃતિ ગણાય.

પોતાનો વિષય વધારે સ્પષ્ટ કરવા અને વિષયનું મહત્વ સમજાવવા જરૂર મુજબ વિદ્વાન મુનિરાજોની પૂજા સંગ્રહ અને સજ્ઝાય વગેરેનો ઉલ્લેખ યથાસ્થાને કરેલ છે. જેમકે આઠ ભેદની સજ્ઝાય (શ્રી માનવિજયજી) અશરણ ભાવના પં. ગંભીરવિજયજી, તથા શ્રી યશોવિજયજી મહારાજે લખેલી બત્રીશીઓમાંથી પણ તેમણે આધાર આપી પોતાના વિવેચનને સચોટ બનાવ્યું છે. પૂર્વના વિદ્વાન પૂજ્ય આચાર્ય-મુનિવરોના સાહિત્યમાંથી તેઓએ કરેલા ઉલ્લેખો પરથી તેમનું કેટલું વિશાળ જ્ઞાન અને વાંચન હતું તે સમજી સકાય છે. તેમણે આવા ઘણાં પુસ્તકો આપી સમાજનું ઉત્તમ કાર્ય કરેલ છે.

(૨) જૈન ગુર્જર કવિઓ (ભાગ ૧) સંગ્રાહક અને સંપ્રયોજક શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ.

સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના સંપાદક શ્રી જયંત કોઠારી.

પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ.

પૃષ્ઠ ૫૦૦. મૂલ્ય ૧૦૦ સો રૂપિયા.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સે પ્રકાશિત કરી હતી. તેની આ બીજી આવૃત્તિ યોગ્ય સંશોધન-સંવર્ધન સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પ્રકાશિત કરી છે.

આ પુસ્તકનું ખરૂં મૂલ્ય તો વિદ્વાન સંશોધકોજ આંકી શકે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈની ૩૦ વર્ષની મહેનતનું અને તેમની ઝીણવટ અને ચોક્કસાઈનું આ પરિણામ છે. પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ થયા પછી વર્ષોના વહાણા વાઇ ચૂકયા છે અને તેને કારણે તેમાં નવા પ્રકાશમાં સુધારા વધારા જરૂરી હતા તે અગત્યનું કાર્ય નવેસરથી આવૃત્તિ તૈયાર કરવાનું કાર્ય ભાઈશ્રી જયંત કોઠારીએ ઘણી સારી રીતે કર્યું છે.

આવા અમૂલ્ય પ્રકાશન માટે પ્રકાશિકા સંસ્થાને હાર્દિક ધન્યવાદ.

(૩) યોગશાસ્ત્રમ્ (સંપુર્ણમ્) ભાગ ત્રીજો (પાંચમા પ્રકાશથી બારમા પ્રકાશ સુધી.)

સંપાદક : મુનિ જમ્બૂવિજયજી, પ્રકાશક જૈન સાહિત્ય વિકાસ મંડળ-મુંબઈ-૫૬. (પ્રતાકારે પૃષ્ઠ ૧૫૩૩).

પૂજ્ય મુનિશ્રી જમ્બૂવિજયજીએ યોગશાસ્ત્રના આ ત્રીજા ભાગનું સંશોધન-સંપાદન કરેલ છે. તેનો પહેલો તથા બીજો ભાગ અગાઉ પ્રકાશિત થયા છે. આ ત્રીજા ભાગમાં આ ગ્રન્થ પૂર્ણ થાય છે. પૂ. મુનિશ્રીએ અતિ પ્રાચીન તાડપત્રીય પ્રતિઓને આધારે સંશોધન કરેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતમાં સાત પરિશિષ્ટો આપેલા છે. પરિશિષ્ટોમાં શુદ્ધિપત્રક, પાઠભેદ, શ્લોકોનો અકારાદિ અનુક્રમ વગેરે આપેલ છે. આ સંશોધિત આવૃત્તિ અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થાય એવી બનાવી છે.

(૪) Jnanasara :- by Mahopadhaya Shri Yashovijayji Translated in to English by Prof. A. S. Gopani M. A. Ph. D. Published by JAIN SAHITYA VIKAS MANDAL. BOMBAY-400 056. (India)

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી લિખિત જ્ઞાનસારની આ અંગ્રેજી આવૃત્તિ જૈન સાહિત્યમાં રસ ધરાવતા અંગ્રેજી શિક્ષિત વાંચકોને બહુ ઉપયોગી થશે. કારણ કે આ પુસ્તકનું અંગ્રેજી ભાષાન્તર જૈનધર્મ તેમજ સંસ્કૃત, પ્રાકૃત ભાષાના નિષ્ણાત વિદ્વાન પ્રાધ્યાપક શ્રી એ. એસ. ગોપાણી સાહેબે કર્યું છે શ્રી ગોપાણી સાહેબે પ્રસ્તાવનામાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વિષે તથા આ પુસ્તક વિષે સારી વિગતો આપી છે. આ પુસ્તકનો ભાવ સમજવામાં તેમણે ઘણી ઉપયોગી માહિતી આપી છે.

જ્ઞાનસારના શ્લોકોનું Transliteration, શ્લોક સૂચી વગેરે પં. ગિરીશકુમાર પરમાનંદ શાહે તૈયાર કરી છે. એ રીતે પરદેશના અને ખાસ કરીને ઇંગ્લેન્ડ અને અમેરિકામાં વસતા જૈન-તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને વિશેષ ઉપયોગી થશે. અંગ્રેજીમાં "જૈન ગ્રન્થ" તૈયાર કરી પ્રકાશિત કરવા માટે શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ. આશા છે કે આ પુસ્તકથી પરદેશમાં વસતા આપણા જૈન ભાઇ-બહેનો પણ જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા પ્રેરાશે.

(૫) 'અનુપ્રેક્ષાનું અમૃત': પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર. પ્રકાશક વિમલ પ્રકાશન, અમદાવાદ. સંપાદક : મુનિશ્રી વજ્રસેનવિજયજી. મૂલ્ય પાંચ રૂપિયા.

પૂ. પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની ડાયરીમાંથી ચિંતન કણિકાઓ પસંદ કરી પૂ. વજ્રસેનવિજયજીએ સંપાદન કરેલ અણમોલ ઉપયોગી પુસ્તક છે. સાધકોનું મનન કરવા માટે ખૂબજ ઉપયોગી છે.

(૬) जैन धर्म के प्रभावक आचार्य ले. साध्वीश्री संघमित्रा : ભાષા હિન્દી.

પ્રકાશક : જૈન વિશ્વભારતી

પ્રકાશન, લાડનૂ. નાગોર. (રાજસ્થાન),

પૃષ્ઠ ૯૦૧, મૂલ્ય ૫૦ રૂપિયા. દ્વિતીય આવૃત્તિ.

આ ગ્રન્થમાં આચાર્ય સુધર્માસ્વામી, જમ્બૂસ્વામી, પ્રભવસ્વામી વગેરે ભ. મહાવીર પછીની પરંપરાના ૩૮ આચાર્યોના જીવન વિષે માહિતી કાલક્રમ પ્રમાણે આપેલ છે. આ એક ઐતિહાસિક માહિતી આપતો ગ્રન્થ છે. વિદ્વાનો અને સંશોધકો તેનું સાચું મૂલ્યાંકન કરી શકશે એવી આશા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनम् (स्वोपज्ञबृहद्वृत्ति तथा न्याससारसमुद्धार संकलितम् । )

સંપાદક : મુનિશ્રી વજ્રસેનવિજયજી મ.

પ્રકાશક : ભેરુમલ કનૈયાલાલ રિલિજિયસ ટ્રસ્ટ.

ચન્દનવાલા, મુંબઈ. બીજી આવૃત્તિ.

ભાગ ૧ ૭૦ રૂપિયા ભાગ ૨, ૭૦, રૂપિયા ભાગ ૩, ૭૦ રૂપિયા

પ્રાપ્તિસ્થાન : સરસ્વતી પુસ્તક ભંડાર ૧૫૨, હાથીખાના, રતનપોળ–અમદાવાદ.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ-વિરચિત શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન અને તેના ઉપર તેમણે જ રચેલી બૃહદ્વૃત્તિ ઉપલબ્ધ છે. બૃહદ્વૃત્તિ ઉપર આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજીએ ૮૪૦૦ શ્લોક પ્રમાણ બૃહન્નયાસ રચેલ પણ તે ગ્રન્થ હાલ સંપૂર્ણ ઉપલબ્ધ નથી. તે બૃહદ્વૃત્તિ પર આચાર્યશ્રી કનકપ્રભસૂરિજીએ રચેલ 'ન્યાસસાર સમુદ્ધાર' રચેલ છે તે સંપૂર્ણ પ્રાપ્ય છે.

આ ગ્રન્થમાં દરેક સૂત્રની સાથે બૃહદ્વૃત્તિ તેમજ લઘુન્યાસ આપેલ છે તેથી 'સિદ્ધહેમ' વ્યાકરણનો અભ્યાસ કરનારને ઘણી અનુકૂળતા રહે. આ મહાગ્રન્થ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

આવા મહા ગ્રન્થ બૃહદ્વૃત્તિ અને લઘુન્યાસ સહિત તૈયાર કરવો એ ઘણીજ મહેનત અને ધગશ માગી લે છે. પૂજ્ય મુનિશ્રી વજ્રસેનવિજયજી અને સહ સંપાદક મુનિશ્રી રત્નસેનવિજયજીના અતૂટ પુરુષાર્થ વગર આવું ભગીરથ કાર્ય થવું મુશ્કેલ છે. તે બન્ને મુનિરાજોએ પોતાની પૂર્ણ બુદ્ધિ શક્તિ અને કુશળતાથી આ કાર્ય પૂર્ણ કરેલ છે. તેમના આપણે ખુબજ ઋણી છીએ. આવું મહાન્ પ્રકાશન કરવા માટે પ્રકાશિકા સંસ્થા શ્રી ભરુલાલ કનૈયાલાલ રિલિજિયસ ટ્રસ્ટને પણ અભિનંદન ઘટે છે.

# • સમાચાર

## ભાવનગર મોટા દેરાસરજીમાં શ્રી આદીશ્વર જિનપ્રાસાદની ૨૫૦મી વર્ષગાંઠની શાનદાર ઉજવણી

સવંત ૨૦૪૩ના પોષ વદી પાંચમના રોજ શ્રી આદીશ્વર જિનપ્રાસાદની ૨૫૦મી વર્ષગાંઠ હતી તે નિમિત્તે અઢાર અભિષેક સહ ભવ્ય ઉત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સંઘની વિનંતીને માન આપીને પૂ. પંન્યાસ શ્રી દાનવિજયજી, પૂજ્ય શ્રી ધર્મધ્વજવિજયજી ગણિવર્ય વગેરે પૂજ્ય મુનિવર્યો પધાર્યા હતા અને તેમની નિશ્રામાં ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો.

આ પ્રસંગે સાધારણ દીઠ શેષ પણ વહેંચવામાં આવેલ.

## શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા

શ્રી જૈન શ્વે. એજ્યુ. બોર્ડ તરફથી શ્રી ત્રિભોવન ભાણજી કન્યાશાળા કેન્દ્રમાં તા. ૨૫-૧-૮૭ના રોજ પરીક્ષા લેવાઇ હતી. તેમાં ચારસો ઉપરાંત બાલક-બાલિકાઓ બેઠા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

શ્રી ભાવનગર જૈન સંઘ અને કૃષ્ણનગર જૈન સોસાયટીના અગ્રેસર અને દાણાપીઠના આગેવાન વેપારી શેઠશ્રી ભોગીલાલ વેલચંદ મહેતા. તા. ૧૦-૧-૮૭ના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી જૈન સંસ્થાઓને સુયોગ્ય માર્ગદર્શન અને સેવા આપતા હતા. તેઓશ્રી મીલનસાર સ્વભાવના તેમજ ધાર્મિક વૃત્તિના હતા. તેઓશ્રી આ સભા પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતાં હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભાને મહાન ખોટ પડી છે. શાસનદેવ તેઓશ્રીના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના છે.

## ભેટ મળશે

શ્રી જૈન આત્માનંદ સભાના સભ્ય સાહેબોને જણાવવાનું કે "શ્રી આત્મવિશુદ્ધિ" બુક સભ્ય સાહેબોને ભેટ આપવાની છે. તો બહારગામના સભ્ય સાહેબોને ૬૦ પૈસાની પોસ્ટની ટીકીટ અને પૂરેપૂરું સરનામું મોકલવાની વિનંતી કરવામાં આવ છે. જેથી બુક પોસ્ટથી બુક મોકલી આપવામાં આવશે અથવા સંબંધીઓ મારફતે ઓથેરીટીથી સભામાંથી મંગાવી લેવા વિનંતી છે. સ્થાનિક સભ્ય સાહેબોને સભામાંથી લઇ જવાની વિનંતી કરવામાં આવે છે.

— મંત્રીઓ


## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે

"શ્રી આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ-ભાવનગર.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ.
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.
૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.
૫. તંત્રીનું નામ : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.
૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી હું કાન્તિલાલ જગજીવનદાસ દોશી જાહેર કરૂં છૂં કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યા મુજબ બરાબર છે

તા. ૧૬-૨-'૮૭ કાન્તિલાલ જગજીવનદાસ દોશી


For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧-૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦-૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૫-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરૂભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.